

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*ચૂંટણીની વસંતમાં, ખીલે છે, એપ્રિલના ફૂલ!*
*ઉમેદવારની જીભે ઝૂલે છે, એપ્રિલનાં ફૂલ !*
*ફેલાય ફોક ફોરમને ચૂંટાય, એપ્રિલનાં ફૂલ!*
*રાષ્ટ્રીય જીવાત, ખોતરી ખાય, એપ્રિલનાં ફૂલ!*

### હાઈકુ

*રહે છે ઊભા -*
*ઓળખે ન ખૂદને -*
*કેમ ચૂંટાય ?!*

*જીતે છે હવે*
*મોટી બહુમતિથી -*
*'નોટા' ને ખોટા !*

### ચિંતન

**ક્ત્વ : સમહૃદીનતા પ્રતીપં જગમા શુચે ।**
**મૃણા સુક્ષત્ર મૃણય ॥**

ઉપરોક્ત શ્લોક ઋગ્વેદમાંથી લેવામાં આવેલ છે..

ઈશ્વરને સાક્ષી રાખીને આપણી ખામીઓ, દુર્ગુણો અને દુષ્કર્મોને સ્વીકારતા રહીએ કે જેથી એમના નિવારણમાં ઢીલાશ ન આવે. ભગવાનને એવી પ્રાર્થના કરીએ કે હે પ્રભુ !! અમારા દુર્ગુણો દૂર કરો.

આપણે ૬ થી ૭ કલાક સૂઈએ છીએ. બાકીના ૧૮ કલાક આપણે જાગૃત અવસ્થામાં રહીએ છીએ. આપણે રોજ થોડું આત્મનિરીક્ષણ કરવાની ટેવ પાડીએ તો જાણીએ છીએ કે આપણે કેટલા બિનજરૂરી શબ્દો બોલ્યા. કેટલા કેલા કેવા કેવા કુવિચારો આપણા મનમાં આવ્યા. ફક્ત એક જ દિવસના આત્મવિશ્લેષણથી આપણી મનોવૃત્તિ એવી થઈ જશે કે, 'હું આટલા બધા દોષપૂર્વક વિચારો અને ખરાબ કૃત્યમાં લિપ્ત રહ્યો. અને એક અમૂલ્ય દિવસ મેં વ્યર્થમાં વિતાવી દીધો.'

જો આપણે ઈશ્વરને સર્વવ્યાપક માનીને તેમને આપણા મિત્ર, સખા તથા હિતેચ્છુ સમજતા રહીશું, તો આપણી ભૂલોને શોધવામાં અને સ્વીકારવામાં આપણને કોઈ પ્રકારનો સંકોચ થશે નહિં.

### સુવિચાર

- સંસાર શું સસ્તો રહેને, મન રાખે મુખ પાસ, સંસારને લોપે નહીં, એ જાણું મારો દાસ - **રાજેન્દ્ર પાઠક**
- દુ:ખ છે મારું સુરજ જેવું પ્રખર, જેની રોશનીમાં તમામ ચહેરા જોઈ લઉં છું - **એસ. ભટ્ટાચાર્ય**
- કોઈ નહીં આવે તમારા આંસુઓને, કોઈ નહીં જોવે તમારી ઉદાસીને,
  કોઈ નહીં જોવે તમારા દુ:ખને, પણ લોકો તો જોશે તમારી એક ભૂલને - **આનંદ પ્રકાશ**
- પ્રેમ કરે શર્ત વગર, વાત કરે ઈરાદા વગર, આપે - કારણ વગર,
  કાળજી રાખે - અપેક્ષા વગર, આ જ છે દિલ એક સાચા મિત્રનું - **શાહબુદ્દીન રાઠોડ**
- તમે જેવા તમારા બધી જ પ્રકારના બહાનાઓને વિદાય કરી દેશો કે તરત જ તમને તમારા કામના સારા પરિણામો મળતા દેખાશે - **નેપોલિયન**
- અતિશય અન્યાયે ઘણીવાર સાવ લાચાર અને પાંગળા માનવીનાં હૈયામાં પણ પ્રતિકારના જવાળામુખી ધખાવ્યા છે - **ઈશ્વર પેટલીકર**
- આજનું ઔષધ : ગરમ પાણીમાં આંબળાનો ભૂકો નાખી તે પાણીથી સ્નાન કરવાથી ચામડી મુલાયમ બને છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

જો તમે મજબૂત હો તો તમે લડવા તૈયાર રહો છો. જો તમે કમજોર હો છો, તો તમે ભાગવા માટે તૈયાર રહો છો. પરંતુ આ બંને અવસ્થામાં તમે મજબૂર બની શકતા નથી. આ બે સિવાય એક ત્રીજી સંભાવના છે - લડો નહીં અને પલાયન પણ કરશો નહીં. બસ જાગૃત રહો. સચેત રહો. જે કંઈ પણ પરિસ્થિતિ છે તેના સાક્ષી બની રહો. એક વાર મુલ્લા નસરુદ્દીન ગધેડાને લઈને ગામમાં નિકળ્યા. દુકાનમાં ખરીદવામાં પોતાના ગધેડાને ગલીમાં છોડી દીધો. જયારે બહાર આવ્યા ત્યારે ખૂબ જ ક્રોધિત થયા. કોઈએ ગધેડાને લાલરંગથી રંગી નાખ્યો હતો. તેમણે એક છોકરાને પૂછ્યું 'આ કોણે કર્યું, હું એને જાનથી મારી નાખીશ.' છોકરાએ કહ્યું, 'જેણે આ કૃત્ય કર્યું છે તે સામે દારૂના પીઠામાં ગયો છે. ક્રોધિત મુલ્લા ઝડપથી પીઠામાં ગયા અને ગુસ્સામાં બોલ્યા, 'મારા ગધેડાને લાલ રંગ કોણે કર્યો છે.' એક ઊંચો, તગડો, મજબૂત સાંઢ જેવો કાળો માણસ ઊભો થયો અને બોલ્યો, 'જનાબ, એ કામ મારું છે, હવે કહો શું કરવું છે ?' મુલ્લા દબાયેલા અવાજમાં બોલ્યા, આભાર જનાબ!! આપે ઘણું સુંદર કામ કર્યું છે, હું તો આપને એ બતાવવા માગું છું કે થોડો બીજો રંગ તમારી પાસે હોય તો મારે મારા બીજા ગધેડાને પણ કરવો છે...'

# હવે, રાજયમાં રાજકીય ધમધમાટ

**તંત્રીસ્થાનેથી...**

લોકસભાની ચૂંટણી ગુજરાતની તમામ બેઠકો પર આગામી ૨૩ એપ્રિલના દિવસે થનાર મતદાન સાથે સંપન્ન થઈ જશે. ગુજરાતની છવ્વીસ બેઠકો પર ઉમેદવારોનાં નામ ફાઈનલ કરતાં બેઉ પાર્ટીઓને પરસેવો વળી ગયો છે. છેક છેલ્લે સુધી જ્ઞાતી સમીકરણો અને હારજીતના આંકડા ગોઠવવામાં બેઉ પ્રતિસ્પર્ધી રાષ્ટ્રીય પક્ષો ભારે વિસામણ અનુભવતા હતા. પાર્ટી માટે દિલ દઈને કામ કરનારા બાજુએ રહી જાય અને બહારનાં આગંતુક તત્ત્વો ફાવી જાય એવું બનતું હોય છે. પાર્ટીના હાઈકમાન્ડ માટે આવા નિર્ણયો લેવા તે અંગત મજબૂરી બની રહે છે. કયારેક કોઈને વધુ પડતા ઉત્સાહમાં વચન અપાઈ ગયું હોય, કયારેક જ્ઞાતિ - સમીકરણો કે આર્થિક બાબતો, સામાજિક પ્રતિષ્ઠા અને પાર્ટીથી પર એવો પ્રભાવ ધ્યાને લેવો પડે એણ હોય. સરવાળે આ બધું ધમ્મરવલોણું માખણ જ નીપજાવે તે જરૂરી નથી - એથી છાશના ફોદા પણ ઉપર તરી આવી શકે. યોગ્યતાની વ્યાખ્યા બદલાઈ ગઈ છે. હવે પ્રજાની સેવા કરવાની કે સંસદમાં એનો અવાજ રજૂ કરવાની લાયકાત એ ગૌણ મુદ્દો છે. અગત્યનો મુદ્દો ઉમેદવારની વિજયક્ષમતા છે ભલે ને પાંચ વર્ષ લગી એ સંસદમાં મૂંગોમંતર બનીને બેસી રહે અને ભાડાંભથ્થાં જમ્યા કરે. એ પાર્ટીના વ્હિપ વખતે આંગળી ઊંચી કરે એટલે ઘણું. આપણા લોકતંત્રની આ વસમી વાસ્તવિકતાછે, જેનો કોઈ પાર્ટી પાસે જવાબ નથી. પક્ષપલટાને કોઈ પાર્ટી પાપ નહીં ગણતી. ગણતરીના દિવસો પહેલાં પાર્ટી છોડીને પોતાની સાથે આવી ગયેલને ઉમેદવાર બનાવી દેવામાં કોઈને નાનમ લાગતી નથી. ઉમેદવાર થવા માગતા જૂના કાર્યકરો મોં વકાસીને બેસી રહે છે. કયારેક થોડો ગણગણાટ કરે તો એમને શિસ્તના નામે ચૂપ કરી દેવાય છે. આગળ ઉપર ઘણી તકો મળી શકશે એવાં આશ્વાસનનાં પડીકાં બંધાવી દેવાય છે. આ વખતે ઘણા બધા ચાલુ ધારાસભ્યોને લોકસભાની ચૂંટણી પરાણે લડવી પડે એવી સ્થિતિ સરજાઈ છે. વિધાનસભાના વિપક્ષના નેતા પરેશ ધાનાણીને અમરેલી બેઠક પરથી કોંગ્રેસના ઉમેદવાર તરીકે અને ખેરાલુના ધારાસભ્ય ભરતસિંહ ડાભીને પાટણની બેઠક પરથી ભાજપના ઉમેદવાર બનાવાયા છે. રાજયમંત્રી પરબત પટેલને બનાસકાંઠાની બેઠક ફાળવાઈ છે. મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્ર ઠાકોરને સાબરકાંઠામાં કોંગ્રેસના ઉમેદવાર જાહેર કરાયા છે. આવી સ્થિતિ અગાઉ નહોતી બનતી. બિમલ શાહ અગાઉ કેશુભાઈ પટેલની સરકારમાં મંત્રી હતા. હવે તેઓ ખેડાની બેઠક પરથી કોંગ્રેસના ઉમેદવાર છે. નવા, ફ્રેશ ઉમેદવારોને બહુ ઓછી તક મળી છે. સુરતમાં યુવા કોંગ્રેસને તક અપાઈ છે. ભાજપ પાસે મહિલા ઉમેદવારો સારી સંખ્યામાં છે. મોટા ભાગની રિપીટ થઈ છે. મહેસાણાની બેઠક પરથી શારદાબેનના સ્વરુપે સ્વ. અનિલ પટેલ જ ચૂંટણી લડી રહ્યા હોય એવો માહોલ સરજાશે. બનાસકાંઠાના સહકારી નેતા પરથી ભટોલે બેઉ પક્ષોમાં ટિકીટ માટે દાણો ચાંપી જોયો હતો. કોંગ્રેસે એમને ટિકિટ આપીને પક્ષની વફાદારી કરતાં એમની 'વિનેબિલીટી' - વિજયક્ષમતાને જ મહત્વ આપ્યું છે. હવે પ્રચાર માટે પૂરાં બે અઠવાડિયાંનો સમય પણ બચ્યો નથી. રાહુલ ગાંધી અને નરેન્દ્ર મોદીની સભાઓ યોજાશે, યોગી આદિત્યનાથ અને ડૉ. મનમોહનસિંહ આવશે. કદાચ રાજસ્થાનના મુખ્યમંત્રી, મધ્યપ્રદેશના મુખ્યમંત્રી, સચીન પાઈલોટ અને જયોતિરાદિત્ય ઉપરાંત પ્રિયંકાનાં દર્શનનો લ્હાવો પણ મળે ! ચૂંટણી લોકપર્વને બદલે એક પ્રકારનું પ્રદર્શન બની જાય તે આપણી લોકશાહની વિડંબના જ ગણાય.

# કથા સુણી સુણી ફૂટ્યાં કાન !

અમર વારસો
ડૉ. રશ્મિકાન્ત મહેતા



વેદાન્ત કવિ અખાના સામાજિક કટાક્ષો જાણીતા છે. લોકો વારંવાર કથા સાંભળવા જાય છે. પરંતુ એમનામાં સાચી સમજણ જરા પણ આવતી નથી.

સ્કંદપુરાણ (ઈ.સ. છઠ્ઠી સદી)નું વિભાજન ખંડોમાં છે. આમાંનો એક રેવાખંડ છે. આમાનાં પાંચ અધ્યાયો, 'સત્ય નારાયણ કથા' ના છે. અખાની જે ફરિયાદ છે; તે આ કથાના શ્રોતાઓને પણ, સ્વાભાવિક રીતે, લાગુ પડીશકે. નહિતર, આ કથામાંથી પણ - ગ્રહણ કરવા જેવું, સમજવા જેવું, આચરણમાં ઉતારવા જેવું ઘણું છે.

અહીં આ કથાનાં કેટલાક શ્લોક આપ્યા છે.



(૧) અધ્યાય-૧ શ્લોક ૧૪ - આ વ્રત મહત્ત્વનું છે, પુણ્યશાળી છે. સ્વર્ગ અને પૃથ્વી - બંને સ્થળે દુર્લભ હતું. પરંતુ હે વત્સ ! તારા તરફના સ્નેહને કારણે હવે તને હું કહી રહ્યો છે.

સત્યનારાયણ કથાનું ધાર્મિક મહત્ત્વ ઘણુંછે. સ્વયંભગવાન વિષ્ણુએ દેવર્ષિ નારદને આની વિગત આપી છે. કારણ કે એના માટે અપાર સ્નેહ છે. આમાં નારદનો પરોપકાર છે. મનુષ્યોના દુ:ખો દૂર થાય. એનો ઉપાય પૂછ્યો. ત્યારે ભગવાને ઉપાય તરીકે આ વ્રત કહ્યું છે, જેને માટે, પોતાને સ્નેહ હોય, વાત્સલ્ય હોય - એ વ્યક્તિને, દુર્લભ હોય તો પણ આપી શકાય. એમાં પણ જયારે એ વ્યક્તિ પરોપકાર માટે, સમગ્ર માનવ જાતના કલ્યાણ માટે માગી રહી હોય.

(૨) અધ્યાય - ૨ શ્લોક-૨૪ - તે સુંદર નગરમાં. જયાં ધનિકોનો નિવાસ હોય; ત્યાં આવ્યો. અહીં તેને લાકડાની કિંમત કરતાં, બમણાં પૈસા મળ્યા.

આ વ્રત તો સૌ કોઈ કરી શકે. એક કઠિયારો હતો. એણે અજાણતાં, કોઈક બ્રાહ્મણને ઘરે કથામાં હાજરી આપી. આમાંથી એને પોતાને ઈચ્છા જાગી. એણે સંકલ્પ કર્યો. એણે હજુ તો માત્ર સંકલ્પ જ કર્યો હતો; ત્યાં ભગવાને અનુકૂળતા કરી આપી. બમણું દ્રવ્ય મેળવી આપ્યું.

(૩) અધ્યાય-૩ શ્લોક-૨ - એ જિતેન્દ્રીય, સત્યવાદી અને બુદ્ધિશાળી હતો. રોજે રોજ મંદિરે જાય અને જાય ત્યારે બ્રાહ્મણોને ધન આપે.

અગાઉ ઉલ્કામુખ નામે રાજા હતા. એના વ્યક્તિત્વમાં આ ચાર લક્ષણો હતા : સંયમી - જિતેન્દ્રિય, સત્યવાદી, બુદ્ધિશાળી અને દાનેશ્વરી. કોઈ પણ શાસક માટે - આદર્શ શાસક માટે - આ ચારેય લક્ષણો એકદમ જરૂરી છે.

(૪) અધ્યાય-૪, શ્લોક - ૪ - 'મારી હોડીમાં વેલ, પાંદડાં વગેરે છે.' આવાં કઠોર વચનો સાંભળીને એમને કહ્યું, 'તારું વચન સાચું ઠરે.'

'ના જાને કિસ ભેસ મેં હરિ આ કર મિલ જાય.' સાધુ નામનો વાણિયો દંડી સ્વામી પાસે, સંપત્તિના અભિયાનમાં છકી જઈને મશ્કરીમાં ખોટું બોલ્યા. દંડી સ્વમી, ભગવાન પોતે જ હતા. કોઈની પણ અવગણના ન કરવી.

(૫) અધ્યાય - ૫ શ્લોક-૧૦ - જે કોઈ ભક્તિ સાથે આ એકદમ દુર્લભ સત્યનારાયયણ વ્રત કરે છે અને જે કોઈ આ પવિત્ર કથા સાંભળે છે, એમને ફળ મળે છે.

ભક્તિભાવ જોઈએ - કથાનું આયોજન કરે તેનામાં અને સાંભળે તેનામાં. કથા પોતે જ પવિત્ર છે. આયોજકને અને શ્રોતાઓને - બંનેને ફળ આપે છે. ફળ ભળે ગમે તેટલું દુર્લભ હોય.

આ કથા ભગવાન પાસેથી નારદ પાસે અને નારદ પાસેથી સૂતપુરાણી પાસે આવી. એમણે સંસારમાં પ્રસારિત કરી.

# રાષ્ટ્રીય મહિલા આયોગની રચના કયારે થઈ હતી ?

ખજાનો
અનિલ પટેલ



### ભારતીય અર્થવ્યવસ્થા

૧ પંજાબ નેશનલ બેન્કની સ્થાપના કયારે કરવામાં આવી હતી ?
(અ) ઈ.સ. ૧૮૯૪ (બ) ઈ.સ. ૧૮૬૪
(ક) ઈ.સ. ૧૯૬૪ (ડ) ઈ.સ. ૧૯૯૪

૨ ૧૬ ઓગસ્ટ ૧૯૯૪ શાની સ્થાપના થઈ હતી ?
(અ) ભારતીય યુનિટ ટ્રસ્ટ (બ) બ્યુરો ચીફ યુનિયન સ્ટાન્ડર્ડ
(ક) ટ્રેડ પોઈન્ડ (ડ) કિશાન કોલ સેન્ટર

૩ શંકરલાલ ગુરુ સમિતિ શા માટે બનાવવામાં આવી હતી ?
(અ) બેરોજગારી હટાવો (બ) શિક્ષણ ગુણવત્તા
(ક) પશુ-પાલન (ડ) કૃષિ બજાર

૪ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ ઈન્સ્ટિટયુટ કયાં આવેલું છે ?
(અ) મદ્રાસ (બ) હૈદરાબાદ
(ક) દિલ્હી (ડ) કોલકાત્તા

૫ બિમસ્ટેકમાં સાત સભ્ય દેશો છે. જેમાં નીચેનામાંથી કયો દેશ સભ્ય નથી?
(અ) બાંગ્લાદેશ (બ) ભૂતાન
(ક) ચીન (ડ) થાઈલેન્ડ

૬ સંપૂર્ણરૂપમાં ભારતની કહી શકાય તેવી પ્રથમ બેન્ક કઈ છે?
(અ) પંજાબ નેશનલ બેન્ક (બ) એસબીઆઈ
(ક) બેન્ક ઓફ ઈન્ડિયા (ડ) બેન્ક ઓફ બરોડા

૭ રાષ્ટ્રીય મહિલા આયોગની રચના કયારે થઈ હતી ?
(અ) ઈ.સ. ૧૯૯૫ (બ) ઈ.સ. ૧૯૯૯
(ક) ઈ.સ. ૨૦૦૩ (ડ) ઈ.સ. ૨૦૦૫

૮ એગમાર્કથી કઈ પેદાશોની ગુણવત્તા જાણી શકાય છે ?
(અ) ડેરી પ્રોડક્ટ (બ) કૃષિ પ્રોડક્ટ
(ક) ઈલેકટ્રોનિક્સ પ્રોડક્ટ (ડ) ફૂડ પ્રોડક્ટ

૯ આયોજન પંચના અધ્યક્ષ કોણ હોય છે ?
(અ) રાષ્ટ્રપતિ (બ) વડાપ્રધાન
(ક) મુખ્ય નાણાંસચિવ (ડ) નાણામંત્રી

૧૦ સ્વતંત્ર ભારતનું પ્રથમ રેલવે બજેટ કોણે રજૂ કર્યું હતું ?
(અ) જહોન મથાઈ (બ) પંડિત જવાહરલાલ
(ક) એની બેસન્ટ (ડ) ડૉ. રાધાકૃષ્ણન

૧૧ ભારતમાં 'રેડ રિવોલ્યુશન' શાની સાથે સંબંધ ધરાવે છે ?
(અ) સફરજન ઉત્પાદન (બ) સ્ટ્રોબરી ઉત્પાદન
(ક) માંસ અને ટામેસા ઉત્પાદન (ડ) મરચી ઉત્પાદન

૧૨ બજારમાં એક જ ઉત્પાદક કે વિક્રેતા હોય તેવી સ્થિતિને શું કહે છે ?
(અ) આધિપત્ય (બ) ઈજારો
(ક) કબજો (ડ) નિયંત્રણ

૧૩ ભારતીય ટપાલ દ્વારા સ્પીડ પોસ્ટની શરુઆત કયારે થઈ ?
(અ) ૧૯૮૬ (બ) ૧૯૯૦
(ક) ૧૯૯૫ (ડ) સુમિત્રાનંદન જોશી

૧૪ રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાના પ્રથમ ભારતીય ગવર્નર કોણ હતા ?
(અ) આઈ.જી. પટેલ (બ) સી.ડી. દેશમુખ
(ક) એચ.એમ. પટેલ (ડ) આર.જી. ત્રિવેદી

૧૫ વનમહોત્સવ કયા મહિનામાં ઉજવાય છે ?
(અ) મે (બ) જૂન
(ક) જુલાઈ (ડ) ઓગસ્ટ

### વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ**

- **૫ એપ્રિલ :નેશનલ મેરિટાઈમ દિવસ**
- સાધુરચિત માનવ સેવક ચાર્લ્સ ફીઅર એન્ડ્રુઝ (દીનબંધુ) નું નિધન (૧૯૪૦)
- અમેરિકામાં હબસીઓને શૈક્ષણિક પ્રવાહમાં જોડનાર પ્રથમ શૈક્ષણિક નેતા બુકર ટી. વોશિંગ્ટનનો જન્મ દિવસ (૧૮૫૬)
- મીઠાનો કાયદો તોડવા ગાંધીજી દાંડી પહોંચ્યા (૧૯૩૦)
- નર્મદા યોજનાનો પૂર્વ પ્રધાનમંત્રી જવાહરલાલ નહેરુના હસ્તે શિલાન્યાસ કરવામાં આવ્યો (૧૯૬૧)
- **૬ એપ્રિલ :**
- 'માનવીની ભવાઈ' જેવા ઉત્તમ સાહિત્યના સર્જક પન્નાલાલ પટેલનું નિધન (૧૯૮૯)
- જર્મની વિરુદ્ધ અમેરિકાએ યુદ્ધમાં ઝંપલાવ્યું (૧૯૧૭)
- બ્રિટનના માજી વડાપ્રધાન વિસ્ટન ચર્ચિલનું નિધન (૧૯૫૫)
- રોલેટ એક્ટનો વિરોધ કરવા ગાંધીજીએ હડતાલનું એલાન કર્યું (૧૯૧૯)
- **૭ એપ્રિલ : વિશ્વ આરોગ્ય દિવસ**
- ગુજરાતી ભાષાના સર્જક આનંદ શંકર ધ્રુવનું નિધન (૧૯૪૨)
- લોક પ્રિય માર્શલ આર્ટ એક્ટર જેકી ચેનનો જન્મદિવસ (૧૯૫૪)
- વિશ્વ પ્રખ્યાત કવિ વર્ડઝલર્થનો જન્મદિવસ (૧૭૭૦)
- રામનારાયણ વી. પાઠકની જન્મજયંતિ (૧૮૮૭)
- **૮મી એપ્રિલ :**
- 'શેખ', 'દ્વિરેફ', 'સ્વૈરવિહારી' જેવાં તખલ્લુસ ધરાવતા પ્રજ્ઞા પુરુષ રામનારાયણ પાઠખનો જન્મ દિવસ (૧૮૮૭)
- સાહિત્યકાર અને પત્રકાર યશવંત શુક્લનો જન્મદિવસ (૧૯૧૫)
- જગ વિખ્યાત ચિત્રકાર પાબ્લો પિકાસોની પુણ્યતિથિ (૧૯૭૩)
- 'વંદે માતરમ્' ના રચયિતા બંકિમચંદ્ર ચેટરજીનું નિધન (૧૮૯૪)
- **૯મી એપ્રિલ :**
- અમિતાબ બચ્ચનના ધર્મપત્ની જયા ભાદુરીનો જન્મદિવસ (૧૯૪૮)
- અમેરિકાએ બગદાદ પર કબ્જો મેળવ્યો (૨૦૦૩)
- જૈન ફિલોસોફર શ્રીમદ્ રાજચંદ્રનું અવસાન (૧૯૦૧)
- **૧૦મી એપ્રિલ :**
- મહારાઠા રાજા શિવાજી મહારાજનો જન્મદિવસ (૧૬૨૭)
- હોમીયોપેથીના શોધક ડૉ. સેમ્યુઅલ હર્માનનો જન્મદિવસ (૧૭૫૫)
- સ્વામી દયાનંદ સરસ્વતીએ આર્ય સમાજની સ્થાપના કરી (૧૮૭૫)
- દુનિયામાં ફેક્સ સેવાની શરુઆત થઈ (૧૯૦૭)
- **૧૧ એપ્રિલ : રાષ્ટ્રીય સુરક્ષિત માતૃત્વ દિન (રાષ્ટ્રીયજનની સુરક્ષા દિન)**
- મહાન વનસ્પતિશાસ્ત્રી લ્યૂથર લર્બેન્ડનું નિધન (૧૯૨૭)
- પ્રસિદ્ધ ગાયક કુંન્દનલાલ સાયગલનો જન્મદિવસ (૧૯૦૪)
- મોરારજી દેસાઈની પુણ્યતિથિ (૧૯૯૫)
- ગાંધીજીનાં ધર્મપત્ની કસ્તુરબાનો જન્મદિવસ (૧૮૬૯)

**ગત સપ્તાહના સવાલનો જવાબ**

**હેલ્થ અને ફેમીલી વેલ્ફેર મંત્રી અનુપ્રિયા પટેલની રાજકીય પાર્ટીનું નામ શું છે ? જવાબ : અપના દલ**

**સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો**

(૧) ઋજિત એમ. રાવલ : સે-૭ડી (૨) મૂળજીભાઈ પરમાર : સે-૭બી
(૩) જયેન્દ્ર પ્રસાદ પાઠક : ઈન્ફો જુ. સાયન્સ કૉલેજ (૪) નટુભાઈ દરજી : પેથાપુર
(૫) હાર્દિક એન. ભટ્ટ : સે-૨૪ (૬) પંકજ આર પ્રજાપતિ : ઉવારસદ
(૭) શિવાંગ બી. પટેલ : સરગાસણ (૮) યશવંતકુમાર એસ પ્રજાપતી : સે-૬

**આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)**

**ભાજપમાંથી કોંગ્રેસમાં જોડાયેલ ફાયર બ્રાન્ડ નેતા શત્રુઘ્ન સિંહા કઈ બેઠક પરથી ચૂંટણી લડી રહ્યા છે ?**

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ**

બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

# તહેવારો અને વેકેશનમાં વાલીની બાળક પ્રત્યેની ફરજ

રંગ-ઉમંગ
કાનન ઓઝા



તહેવારો એ તો સંસ્કાર અને સંસ્કૃતિનું પ્રતીક છે. જે તે સમાજ તેના સંસ્કાર અને સંસ્કૃતિના આધારે જીવી રહ્યા છે. આ સંસ્કાર અને સંસ્કૃતિનું સંરક્ષણ અને સંવર્ધન કરવું તે દરેક સામાજિક સભ્યોની માત્ર ફરજ જ નહીં જવાબદારી પણ છે. સમયાંતરે આવતાં તહેવારો ખૂબ જ તાર્કિક પણ છે. જેવું અનેરું મહત્ત્વ છે. જેના થકી સમાજમાં મૂલ્યો ટકી રહ્યા છે, જેનાં થકી એક માનવ બીજા માનવની સાથે રહી શકે છે. બેસી શકે છે, બોલી શકે છે અને અન્ય વ્યવહાર કરી શકે છે. જે સમાજને પોતાના ચોક્કસ મૂલ્યો હોતા નથી. તે સમાજ લાંબુ જીવી - ટકી શકતો નથી. તહેવારો, સંસ્કૃતિમાં કયારે અંધશ્રદ્ધા પણ જોવા મળે છે. એક રીતે જોતાં અંધશ્રદ્ધા જેટલી દૂર તેટલું માનવ વિકાસ માટે સારું પાસું ગણાય. આમ છતાં આ અંધશ્રદ્ધા કયારેક મૂલ્યોને જોતરાવાના કયારેક ઉત્સાહનું ભાથું પૂરું પાડે છે. માટે જ કહી શકાય કે અમુક પ્રકારની અંધશ્રદ્ધાનો સ્વીકાર કરવાથી સંસ્કારનું સિંચન થતું હોય કે લોકો તેમાંથી આંતરિક આનંદ મેળવતા હોય તો તેનો પણ સ્વીકાર કરવામાં વાંધો શું છે ? આપણા તહેવારોમાં માત્ર અંધશ્રદ્ધા જ નથી વિજ્ઞાન પણ છે. તહેવારો આનંદ અને ઉલ્લાશ દ્વારા સંસ્કૃતિને જીવતી રાખવા માટેનું પરિબળ છે. આવા આપણા તહેવારો વખતે વાલી જો યોગ્ય ભૂમિકા ભજવે તો સોનામાં સુગંધ ભળે.

તહેવારોમાં વાલીની ભૂમિકા ખૂબ જ મહત્ત્વની ગણી શકાય. કારણ કે તહેવારો ઉજવવા માટે શાળા-કૉલેજ-જાહેર રજા રાખવામાં આવે છે. ત્યારે બાળક વાલીની સાથે હોય છે આમ જોતા વાલીની જવાબદારી મહત્ત્વની ગણી શકાય. તહેવારો દરમિયાન વાલીએ પોતાના બાળક સાથે બેસી જે તે તહેવાર વિશે વિવિધ ચર્ચાઓ કરવી જોઈએ. જેમ કે તહેવાર કેવી રીતે ઉજવવામાં આવે છે ? આજે તેમાં કયા પરિવર્તનો આવ્યા છે ? પરિવર્તનનો આવવા પાછળના કારણો કયાં છે ? આ તહેવાર પાછળના કારણો કયાં છે ? આ તેહવાર પાછળના મુખ્ય હેતુ કયા છે ? આ ચર્ચા દરમિયાન માત્ર માહિતી જ ન આપતાં બાળકને કેટલાંક પ્રશ્નો પણ પૂછો, ચર્ચા કરો. તહેવારને લગતું એકાદ પુસ્તક બજારમાંથી ખરીદીને પોતાના કે સગાનાં બાળકને ભેટ આપો. સાચા અર્થમાં તહેવાર ને લગતું એકાદ પુસ્તક બજારમાંથી ખરીદીને પોતાના કે સગાં બાળકને ભેટ આપો. સાચા અર્થમાં તહેવારની ઉજવણી કરો. બાળખ આંખ કાન ખુલ્લા રાખીને તહેવારને કેવી રીતે ઉજવે છે. તેનો પણ અનુભવ થવા દો. ચોક્કસ તહેવારો મુજબ ઘર બહાર ચોક્કસ સ્થળોની મુલાકાત પણ ખાસ લેવી જોઈએ. કોઈ વાલી એણ પણ કહી શકે છે, તહેવાર તો દર વર્ષે આવવાનાં બાળકની સાથે એકવાર તહેવાર વિષયક ચર્ચા કરી લીધી હોય પછી ઓછી દર વર્ષે આવી ચર્ચા કરવાની હોય ? ત્યારે કહેવાનું મન થાય કે બાળક જયાં સુધી બાળક હોય ત્યાં સુધી જેટલી વાર, જેટલી ચર્ચા કરશો તેટલી વાર બાળકને તો ગમશે જ. બાળકની નાની - કાચી ઉંમરનો ફાયદો ઉઠાવો. આ ઉંમર રોજ એવી ઉંમર છે કે તેમ જેવાં સંસ્કારના બીજ વાવા તેવું લણવા મળશે. આ બાળક મોટું થાય પણ કદાચ તમારી વાતમાં ઊંડો રસ ન પણ લે. માટે બાળક જયાં સુધી બાળક છે ત્યાં સુધી વર્ષ ન ગણતાં તેની સાથે વિવિધ ચર્ચા કરો. પણ દુ:ખની વાત એ છે કે આજે મોટા ભાગના વાલીઓને પોતાના બાળક પાસે બેસવાનો સમય જ કયાં છે? આજે જે વાલીને પોતાના બાળક સાથે બેસી ને વાત કરવાનો સમય જ નથી, તે બાળકને ભવિષ્યમાં તેના વાલી સાથે બેસીને વાત કરવાનો સમય જ નહીં હોય. આજના વાલી સરકારી કચેરીમાં તહેવારની રજા લેવા જેટલો ઉત્સાહ બતાવે છે. તેટલો ઉત્સાહ વહેવારની ઉજવણીમાં બતાવતો નથી. હા, કેટલાક વાલી અપવાદ છે. આવા અપવાદી વાલીને કારણે જ સમાજ - સંસ્કૃતિ ટકી રહ્યા છે. અને દરેક વાલીને તહેવારની રજા મળે છે ! તહેવારની રજા ને પોતાના મૂડમાં ફેકવીને અન્ય રીતે સમય પસાર કરતાં વાલીની સંખ્યા ઓછી નતી. આવા વાલી બારણાં બંધ રાખીને પિક્ચર જોવાનું વધુ પસંદ કરતાં હોય છે. ત્યારે વાલી મિત્રોનું ધ્યાન દોરવાનું મન થાય કે, મિત્રો તહેવારો દરરોજ ન હોય, જયારે હોય ત્યારે મુક્ત મને તહેવારમય બની જાઓ. પિકચર આજે નહી તો કાલે પણ જોઈ શકાશે. તહેવાર માત્ર બાળકો માટે જ નહીં તહેવાર એ બાળક, યુવાન કે વડીલો સૌને માટે છે. મમ્મી પપ્પાની સામે લગીરીથી ઉજવાતા તહેવારનો આનંદ બાળકો વધુ પ્રમાણમ્ લૂંટતા હોય છે. તમે જાતે જ આ બાબતની ખાતરી અને ચકાસણી કરજો. પછી વિચારજો કે તહેવારો વખતે બાળકો છૂટા મૂકીને પોતે ઘરમાં બેસી ને પિક્ચર જોઈને સમય પસાર કરવો તે કેટલાં અંશે યોગ્ય છે ?